ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત

માર્ગો પર ગાયો, ભેંસો, બકરા, ઘેંટાની લાઈનો : જેના કારણે વાહનચાલકોને મુશ્કેલી

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં રખડતા ઢોરો અંગે કોઈ યોગ્ય નિર્ણય ન લેવાતા શહેરીજનોમાં મુશ્કેલીઓ વધી રહી છે. ગાંધીનગરમાં સમાવિષ્ટ ગામો જેવા કે ન્યુ ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં તેમાં પણ ગોકુળપુરા વિસ્તારમાં રખડતા ઢોરોનો ત્રાસ બની રહ્યો છે. માર્ગો પર ગાયો, ભેંસો, બકરા, ઘેંટાની લાઈનો જોવા મળી રહી છે. જેના કારણે વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે. ન્યુ વાવોલ અને ગોકુલપુરા વિસ્તારમાં વધતા જતા વિકાસના કારણે રહેણાંક વિસ્તાર વધી રહ્યો છે. છેલ્લા પાંચેક વર્ષથી ન્યુ વાવોલમાં નવીનતમ સોસાયટીઓ બની જતા આ વિસ્તારમાં નાગરિકોની સંખ્યા પણ વધી ગઈ છે. જેમાં નોકરીયાત અર્થે નીકળતા વાહનચાલકોને અવારનવાર રખડતા ઢોરોનો સામનો કરવો પડી રહ્યો છે. માર્ગો પર મોટા પ્રમાણમાં રખડતા ઢોરોના ટોળા એક સાથે નીકળતા હોવાથી વાહનચાલકો પરેશાન બન્યા છે. આ વિસ્તારમાં માર્ગોનું નવીનીકરણ થઈ ગયું છે. મોટા મોટા વાહનોની અવર જવર રહેતી હોય છે માર્ગો પહોળા હોવાથી વાહનોની સ્પીડ પણ વધારે હોય છે તેવામાં અચાનક રખડતા ઢોરો આવી જતા ગંભીર અકસ્માતો સર્જાય છે. ઘણીવાર મોટા વાહનોની

ટકકરથી ઢોરોને નુકસાન થાય છે અને મૃત્યુ પામે છે. આમ છતાં આ પશુપાલકોના પેટનું પાણી હલતું નથી.

વર્ષો પહેલા આ વિસ્તારમાં ગાયો ભેંસો ખેતરમાં ચરતી હતી હાલમાં પશુપાલકો પશુઓને ચરવા માટે જાહેરમાં ખુલ્લા મુકી દે છે જેના કારણે અવારનવાર અકસ્માતો સર્જાય છે અને કોઈ નિર્દોષ વ્યકિતનો જીવ જાય છે. પશુપાલકો દ્વારા માર્ગો પર જતા ઢોરોને સાઈડમાં હટાવવાની જહેમત ઉઠાવવામાં આવતી નથી. વાહનચાલકો વાહનોના હોર્ન મારીમારીને કંટાળી જાય છે. રખડતા ઢોરો અને ઘેટાં બકરાંની લાઈનો લાગતા માર્ગો પર ભીડ થઈ જાય છે. શહેરભરમાં રખડતાં ઢોરોનો ત્રાસ વધી રહ્યો છે તેમ છતાં આ અંગે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં ન આવતા જનતાને હેરાન થવું પડી રહ્યું છે. રખડતા ઢોરો અચાનક હુમલો કરી મુકતા ગંભીર ઈજાઓનો સામનો જનતાએ કરવો પડે છે. જેમાં પશુપાલકો કોઈ જવાબદારી લેતા હોતા નથી અંતે તેઓ છટકબારી શોધી કાઢે છે અને આ પશુ અમારું નથી તેવા બહાના કાઢે છે. તેથી દર વખતે જનતાએ રખડતા ઢોરોનો ત્રાસ સહન કરવો પડી રહ્યો છે. જેની હવે કડકમાં કડક કાર્યવાહી અનિવાર્ય છે.

જન્મદિને વધામણી

જનકરાય ભટ્ટ
મો. ૯૬૮૭૪ ૫૭૩૭૬

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજનો ૨૯મીએ પ્રતિભા સમ્માન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ સંસ્થા દ્વારા તા. ૨૯-૫-૨૨, રવિવારના રોજ 'વણકર પ્રતિભા સમ્માન' કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં ગાંધીનગર શહેરમાં વસતા શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા (શિક્ષકો, આચાર્ય, પ્રોફેસર) તમામ વિદ્વાનોનું સમ્માન કરવાનું હોઈ જરૂરી માહિતી શ્રી એમ.એમ. ગોહેલ(મો. ૮૧૬૦૨૬૯૯૭૮)ને પુરી પાડવી તેમ એમ.એમ. ગોહેલ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. રબારી સાગરભાઈ જેસંગભાઈ,** ઉ.વ. ૫૪, સેકટર-૧૩
- **સ્વ. ઠાકોર પાર્વતીબેન ઉદાજી,** ઉ.વ. ૬૪, વાવોલ

સે-૭ ચૌધરી કોલેજ ખાતે રાજય કક્ષાની ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ઉપકમે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા માતૃશ્રી જોઈતીબા એજયુકેશન કેમ્પસ, ચૌધરી કોલેજ કેમ્પસ, સે-૭, ગાંધીનગર ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અન્વયે ૧૧મા ખેલ મહાકુંભ અંતર્ગત રાજય કક્ષાની ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન માતૃશ્રી જોઈતાબા એજયુકેશનલ ઈન્સ્ટીટયુટ, સે-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે યુવા મોરચો ગુજરાત પ્રદેશ પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, માણસાના પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, ફેન્સીંગ એસોસીએશન ઓફ

ગુજરાત સ્ટેટના પ્રમુખ મુકેશભાઈ ચૌધરી, આંજણા યુવક મંડળ ગુજરાત રાજયના પ્રમુખ પવનભાઈ ચૌધરી, ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાતના મંત્રી ભરતજી ઠાકોર, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના ચીફ કોચ કૌશિકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકા યુવા મોરચાના પ્રમુખ યુવરાજસિંહ ચાવડા, અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી, એસોસીએશનના ખજાનચી રીજ્ઞેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ફેન્સીંગ રમતમાં ખેલ મહાકુંભથી શરૂઆત કરી ફેન્સીંગ કોમનવેલ્થ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ વિજેતા સચીન પટણી, ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં સિલ્વર મેડલ વિજેતા અમરસિંહ ઠાકોર અને સિધ્ધરાજસિંહ સરવૈયાનું બહુમાન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના ઉદઘાટક પ્રશાંતભાઈ કોરાટે તલવારબાજી રમત પર હાથ અજમાવી પોઈન્ટ લઈ સ્પર્ધાની શરૂઆત કરાવી હતી.

સે-૩ રામેશ્વર મંદિરમાં શિવલિંગની સ્થાપના

સેકટર-૩ ખાતે ભગવાન રામેશ્વર મહાદેવના શિવલિંગ સ્થાપના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાંગ રૂપી પ્રસાદ સાથે ભજન સંધ્યા લઘુરુદ્ર રુદ્રી જળયાત્રા શોભાયાત્રા આરતી મહાપ્રસાદ સાથે હનુમાનજી અને ગણેશજી સહીત રામેશ્વરમાં રામ ભગવાને જેવું શિવલિંગ સ્થાપ્યું હતું એવા શિવલિંગની સ્થાપના કરવામાં આવી હતી.

રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે રાજા રામમોહન રોયની ૨૫૦મી જન્મજયંતી પ્રસંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

રાજય મધ્યસ્થ ગ્રંથાલય, સે-૧૭, ગાંધીનગર ખાતે આજરોજ રાજા રામમોહન રોયની ૨૫૦મી જન્મજયંતિ પ્રસંગે તેમજ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજા રામમોહન રોયના જીવનને લગતા, આઝાદી પર્વને લગતાં, સ્ત્રીઓના અધિકારો, સમાજ સુધારણા તથા પબ્લિક લાયબ્રેરીના ઈતિહાસને લગતાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાજા રામમોહન રોયના જીવનને લગતી એક ડોકયુમેન્ટ્રી ફિલ્મ પણ આ પ્રદર્શનનો લાભ લેનાર વાચકગણને બતાવવામાં આવી હતી. જેનાથી તેઓ તેમના જીવન વિષે વધુ માહિતી મેળવી શકયા હતા. આ કાર્યક્રમનો વાચકગણે બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા રાજ રામમોહનરોયની ૨૫૦મી જન્મજયંતિને સમગ્ર વર્ષ દરમિયાન ઉજવવામાં આવે તેવું નક્કી કરવામાં આવ્યું છે જેને ધ્યાનમાં રાખી રાજય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના ગ્રંથપાલ ડૉ. પંકજભાઈ ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સંસ્થાના સમગ્ર કર્મચારીઓના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરના રાજપૂત સંગઠનો દ્વારા ૨જીએ મહારાણા પ્રતાપ જયંતિ અને આમૂલ પરિવર્તન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૨

મહારાણા પ્રતાપ જયંતિ અને આમૂલ પરિવર્તન દિવસની ઉજવણી અંગેની મિટીંગ કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર, ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ, ગાંધીનગર રાજપૂત સમાજ, શ્રી વાઘેલા ભાયાત રાજપૂત સમાજ, પેથાપુર ડાભી રાજપુત સમાજ, પેથાપુર તેમજ યુવા ટીમ સાથે મહાકાળી મંદિર પાલૈયા પેથાપુર ખાતે ૨૧મીએ મળી હતી.

મહિપતસિંહ વાઘેલાએ સૌને આવકાર્યા બાદ આમૂલ પરિવર્તન પ્રેરક/સંયોજક રણજીતસિંહ જાડેજાએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. વિક્રમસિંહ ગોલ દ્વારા વ્યસન મુક્તિ અંગે અને સંગઠન પર ભાર દેવામાં આવ્યો હતો. પ્રદીપસિંહ બિહોલા દ્વારા ઘ રોડ પર પ્રચાર માટે બેનર લગાવવાનું સુચન કરાયું હતું એટલું જ નહી પણ પોતે એક બેનર સ્પોન્સર કરશે તેમ તેમણે જણાવ્યું હતું. વિક્રમસિંહ ગોલ દ્વારા બે બેનર લગાવવા, રતનસિંહ વાઘેલા તરફથી બે બેનર, શંકરસિંહ રાણા તરફથી ૫ બેનર, પ્રવિણસિંહ ડાભી તરફથી ૨ બેનર અને લાલુભા ચોહાણ તરફથી એક બેનર લગાવવા જણાવાયું હતું.

આ સિવાય બેનર સ્પોન્સર કરવા માગતા હોય તેમણે પ્રદીપસિંહ બિહોલા ૯૮૨૫૮૧૫૬૩૧ અથવા પ્રવિણસિંહ ઝાલા ૯૯૭૮૯૨૭૩૫૨ નો ફોનથી સંપર્ક કરવો તથા એક બેનરના આશરે ત્રણ હજાર રૂપિયા થશે તેમ પણ જણાવાયું હતું.

શંકરસિંહ રાણા દ્વારા દરરોજ સાજે ૬ વાગ્યે શ્રી કચ્છ

કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ કાર્યાલય સે,૧૭ ખાતે મિટીંગ કરવા, પ્રચાર પ્રસાર બધાજ માધ્યમ દ્વારા કરી 'હમ સબ એક હૈ નેક હૈ ઓર સંગઠિત હૈ'ના નારા સાથે 'વીર શિરોમણી મહારાણા પ્રતાપ જયંતિ અને આમૂલ પરિવર્તન દિવસ'ની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

યુવા આગેવાન જયદીપસિંહ વાઘેલા દ્વારા રેલી સે.૧૨ સમાજ ભવનથી શરુ કરી પથીકાશ્રમ અને ઘ રોડનું સુચન થયું જે સ્વીકારી તે પ્રમાણેનો રેલીનો રૂટ રાખવા નકકી કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરના તમામ રાજપૂત સંગઠનો ૨૦૧૫ થી મહારાણા પ્રતાપ જયંતિ અને આમૂલ પરિવર્તન દિવસ ની ઉજવણી ધામધુમથી કરે છે. આ વખતે જેઠ સુદ ત્રીજ તા.૨-૬-૨૦૨૨ ના રોજ રાજપૂત સમાજ ભવન સે.૧૨ સવારે ૭.૩૦ કલાકે એકત્ર થઇ પથીકા સર્કલ,ઘ-૪,૫,૬,૭ થઇ મહારાણા પ્રતાપ સર્કલ પેથાપુર પહોંચી મહારાણા પ્રતાપને શ્રદ્ધા સુમન અર્પણ કરી સભા કરવામાં આવશે.

આ સભામાં મહારાણા પ્રતાપના શૌર્ય અંગે અને રાજપૂત સમાજમાંથી કુરિવાજો, વ્યસન અને અંધશ્રદ્ધા નાબુદ કરી આમૂલ પરિવર્તન લાવવાની જ કાર્યવાહી કરવામામાં આવશે. બધા જ પરંપરાગત પોષાક સાફા પાઘડીમાં ઉપસ્થિત થશે.

આ ઉજવણીમાં શ્રી રાજપૂત કરણી સેના, કરણી સેના, રાજપૂત યુવા વિકાસ પરિષદ, ગાંધીનગરના રાજપૂત મહિલા મંડળો, મહાકાલ સેના તેમજ ગાંધીનગરના અન્ય રાજયના રાજપૂત સંગઠનો ખૂબજ ઉત્સાહ સાથે સહભાગી થનાર છે. રાજપૂત સમાજ ભવન સે.૧૨ થી ડીજે સાથે ઘોડે સવાર, બાઈક, ખુલ્લી જીપો, ફોર વીલર સાથે સવારે ૮ વાગ્યે રેલી નિકળશે. તાપમાન ખૂબજ ઉંચું રહેતું હોવાથી દરેકને સમયસર સવારે ૭.૩૦ કલાકે ઉપસ્થિત થવા અનુરોધ કરવામાં આવેલ છે.

ભલે મારું ના થયું પરંતુ મારી દિકરીનું સ્વપ્ન હું જરૂર પુરું કરીશ..!!

ગાંધીનગરની એક માતાએ પોતાના અધુરાં સ્વપ્નને પોતાની દિકરીમાં પૂર્ણ થતું નિહાળ્યું અને અનેક મુસીબતો તેમજ પડકારોને ઝીલી દિકરીએ તે સ્વપ્ન પૂર્ણ કર્યું : દિકરી બાદ હવે માતા પણ પોતાનું અધુરું સ્વપ્ન પૂર્ણ કરવાની રાહે છે

ગાંધીનગર, ૨૨

અંગ્રેજી કેલેન્ડરના મે માસના બીજા રવિવારે ઉજવાતો મધર્સ ડે આજે ભારતમાં પણ લોકપ્રિય બની ચુક્યો છે. આમ પણ ભારતીય સંસ્કૃતિમાં માતાનું મહત્વ અનેરું જોવા મળે છે જ્યાં દેવી-દેવતાઓ સાથે ગાયને પણ 'ગૌમાતા'થી માંડીને સમગ્ર ભારતભૂમિ 'ભારતમાતા' તરીકે પૂજવામાં આવે છે. જોકે સમગ્ર સૃષ્ટિમાં 'મા' એક એવું પાત્ર છે જેના થકી દરેક જીવનું અસ્તિત્વ જોડાયેલું છે અને એક 'મા' જ છે જેના કારણે આ સૃષ્ટિ 'જીવંત' રહે છે કેમકે 'મા' માત્ર સર્જનહાર નથી પરંતુ 'પાલનહાર' પણ છે, 'મા' પોતાનું જીવન સંતાનોના સાથે જોડીને જીવે છે. ગાંધીનગરમાં એક મા-દિકરીની જોડી એવી પણ છે જેમાં માતાના અધૂરાં સ્વપ્નને તાજેતરમાં દિકરીએ પૂર્ણ કર્યુ છે. શહેરના સેકટર-૨૩માં રહેતા હેમાબેન ભટ્ટની કથક નૃત્યમાં વિશારદ કરવાનું સ્વપ્ન જે સંજોગોવસાત અધુરું રહી ગયું હતું જેને તેમની દિકરી જીલ ભટ્ટે અનેક મુશ્કેલીઓ તેમજ પડકારોને પાર કરીને અવિરત મહેનત અને લગનથી તાજેતરમાં ગત સપ્તાહે જ મિરજની અખિલ ગાંધર્વ મહાવિદ્યાલયની 'વિશારદ'ની પરીક્ષા પાસ કરીને પૂર્ણ કર્યું છે.

ગાંધીનગરમાં ગુજરાત ટ્રાન્સપોર્ટ સર્વીસમાં નોકરી કરતાં પ્રદ્યુમનભાઈ રાવલ અને તેમના શિક્ષિકા પત્નિ કોકિલાબેનની દિકરીઓને નૃત્ય પ્રત્યે લગાવના

ગુણો માતા તરફથી વારસામાં મળ્યાં હતા જેમાં માનસી ઉર્ફે હેમાબેન બાળપણથી જ ચંચળ, નટખટ અને મહેનતું હોવા સાથે ગરબા અને લોકનૃત્યની જાણે લગની લાગી હતી જેથી સમજણી વયે સે.૨૦ની શાળામાં નીરાબેન પાસે ભરતનાટ્યમ્ શીખવાનું શરૂ કરી દીધું હતું અને ત્રણ વર્ષની તાલીમ પણ સફળ રીતે પૂર્ણ કરી હતી. જોકે મધ્યમવર્ગીય પરિવારની કસોકસની આર્થિક પરિસ્થિતિ અને પિતાની નોકરીના કારણે વારંવાર બદલાતા રહેતાં રહેઠાણને પગલે તેમની આ તાલીમ અટકી ગઈ હતી. ગાંધીનગરમાં યોજાતી પ્રતિષ્ઠિત ક્લચરલ ફોરમની નવરાત્રીમાં હંમેશા ધૂમ મચાવતાં અને અનેકવાર ઈનામો જીતી જતાં હેમાબેને થોડા વર્ષો પછી ફરી પાટનગરમાં રહેતાં રાજયના સન્માનિત કલાગુરુ કુમદબેન ભટ્ટ પાસે કથક શીખવાની શરૂઆત કરી હતી પરંતુ આ વખતે પણ તેઓ પોતાના સ્વપ્નને પૂર્ણતાના મુકામે પંહોચાડે તે પહેલાં વર્ષ ૨૦૦૩માં તેમના મંથન ભટ્ટ સાથે લગ્ન થઈ ગયાં અને તેમનું સ્વપ્ન ફરી અધુરું રહી ગયું. લગ્નના એક વર્ષ બાદ તેમની કુખેથી દિકરી જીલનો જન્મ થયો. જોકે સ્વભાવે મક્કમતાના ગુણો ધરાવતાં હેમાબેને 'ગરબા' થકી પોતાના નૃત્યના આત્માને જીવંત રાખ્યો હતો અને દિકરીના અવતરણના માત્ર છ માસ બાદ આવેલી નવરાત્રીમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે મેઘા ફાઈનલમાં 'બેસ્ટ પ્રિન્સેસ'નો ખિતાબ સ્કૂટરના ઈનામ સાથે જીત્યો હતો. હેમાબેનની જેમ જ તેમની દિકરી જીલમાં પણ માતાના ગુણો ઉતર્યા હતા તેનો પરિચય ત્યારે જ થઈ ગયો જ્યારે તેણે માત્ર અઢી વર્ષની વયે શાળામાં સ્ટેજ પર સોલો ડાન્સ કરીને ઈનામ જીત્યું. આ સમયે

જ હેમાબેને મનોમન ગાંઠ વાળી લીધી હતી કે 'ભલે મારું ના થયું પરંતુ મારી દિકરીનું સ્વપ્ન હું જરૂર પુરું કરીશ.'

જીલ સાત વર્ષની થતાં જ હેમાબેને તેને કુમદબેન પાસે લઈને પંહોચી ગયાં પરંતુ કુમુદબેને આટલી કુમળી વયે કથક શીખવાની શી જરૂર છે કહી આનાકાની કરી હતી. જોકે હેમાબેનની મક્કમતા સામે કુમદબેને વચલો રસ્તો કાઢ્યો અને તેને સાથે બેસાડવાની મંજુરી આપી જેથી તેની ઋચિને ઓળખી શકાય. સતત તાલીમાર્થી નૃત્યાંગનાઓનું નિરીક્ષણ કરતી જીલને બરાબર સાતમા દિવસે કુમુદબેને સામે ઉભી રાખીને ષડપુ વિશે પુછતાં તેણે કડકડાટ તત્કાર કરીને ચોંકાવી દીધાં અને તે સાથે જીલની તાલીમ શરૂ કરી હતી. તાલીમના ત્રણ વર્ષ તો આરામથી પસાર થઈ ગયા પરંતુ તે પછી અડચણોની શરૂઆત થઈ જ્યારે કુમુદબેન તેમના તાલીમ વર્ગોનો વારસો શિષ્યા વિધિ વાણિયાને સોંપીને અમેરિકા ચાલ્યાં ગયાં અને થોડા સમય બાદ વિધિના પણ લગ્ન થઈ જતાં તાલીમ અટકી પડી. હેમાબેનને દિકરીનું સ્વપ્ન પણ અધૂરું રહેશે તેવી ફાળ પડી પરંતુ તેમણે હાર ના માની અને નવા ગુરુ માટે તપાસ આદરી દીધી જેમાં તેમની સામે કલાગુરુ હાર્દિકાબેન શુક્લનું નામ આવ્યું પરંતુ તેમને શોધવા ક્યાં? નસીબની બલીહારી જુઓ, તે સમયે ચાલી રહેલા કલા મહાકુંભમાં હાર્દિકાબેન જવાબદારી સંભાળી રહ્યાં હતા અને તમને ગરબા કોમ્પિટિશન માટે એક જજની જરૂર હતી જે માટે તેમણે શહેરના નાટ્યકાર કુંતલ નિમાવતને પૂછતાં કુંતલભાઈએ હેમાબેનના નામની ભલામણ કરીને તેમનો નંબર આપ્યો હતો. હેમાબેનના ફોન પર હાર્દિકાબેનનો કોલ આવતાં જ હેમાબેનને તો તેમના આરાધ્ય અન્નપૂર્ણા દેવીની કૃપાનો અહેસાસ થયો અને સાથે જ જીલની તાલીમની જવાબદારી હાર્દિકાબેનના શિરે આવી ગઈ. આ સાથે પતિ મંથન ભટ્ટની પ્રેરણાથી હેમાબેને પણ હાર્દિક બહેનના ત્યાં પોતાની અધુરી તાલિમ ફરી શરુ કરી દીધી હતી જેથી દિકરીને ક્લાસમાં જવા આવવામાં મદદરૂપ પણ થઈ શકાય. જીલ સાથે તેની બાળપણની દોસ્ત અને કથકની જોડીદાર દિવ્યા પરીખની પણ તાલીમ હાર્દિકાબેનની નર્તન એકેડમીમાં શરૂ થઈ ગઈ. બંનેએ પાંચમું વર્ષ 'મધ્યમાં' અને તે પછી 'ઉપાંત્ય' પણ પૂર્ણ કર્યુ અને વિશારદ પૂર્ણ કરવાનો સમય આવ્યો ત્યારે જીલ બારમા ધોરણમાં હતી. આ સમયે કોરોના મહામારીની શરૂઆત થઈ અને તાલીમ અટકી.જોકે ટૂંક જ સમયમાં હાર્દિક બેને ઓનલાઈન ક્લાસ શરૂ કરી દીધા અને સમય મળે સોશ્યલ ડિસ્ટન્સિંગ સાથે ઓફલાઈન ક્લાસ પણ લેવા માંડ્યા પરંતુ આ દરમિયાન હેમાબેનના ઘરમાં તેમની સાથે વારાફરથી બધાને કોરોના બીમારીએ ઘેર્યા. મહામારીને મ્હાત આપીને ભીલ વિશારદની પરીક્ષા માટે તૈયાર થઈ અને દિવ્યા અને જીલે ખૂબ આકરી મહેનત કરી હતી. હાર્દિકાબેન પણ દિવસમાં પાંચ પાંચ કલાક તૈયારીઓ કરાવતાં હતા. છેલ્લી પરીક્ષા ને એક જ સપ્તાહ બાકી હતું ત્યારે અચાનક દિવ્યા અકસ્માતનો ભોગ બની અને તેના પગના સ્નાયુઓમાં ગંભીર ઈજાઓ થતાં વિશારદની પરીક્ષા માટે બંનેએ સંયુક્ત રીતે કરેલી તૈયારીઓ પર પ્રશ્નાર્થ લાગી ગયો હતો. ફરી દીકરીનું સ્વપ્ન રોળાતું જણાવ્યું પરંતુ એમ હાર માને એવા હેમાબેન કે તેમની દીકરી નહોતાં. માત્ર એક જ સપ્તાહમાં જીલ માટે નવેસરથી સોલો થીમ તૈયાર કરાઈ અને હાર્દિકાબેન સાથે તેમના સંગીતજ્ઞ નિમેશ વોરા અને જીજ્ઞેશભાઈની ટીમે જીલ સાથે અથાગ પરિશ્રમ આદર્યો. અંતે જીલે સફળતાપૂર્વક ફર્સ્ટ ક્લાસ સાથે વિશારદની પરીક્ષા ઉત્તીર્ણ કરી દીધી છે. જીલની આ સફળતામાં મેકઅપને કૉસ્ચ્યુમ આર્ટિસ્ટ રવિ પટેલ અને ફોટોગ્રાફર ગ્રેહામ પ્રવાસીનો ફાળો પણ છે. એક માતાની પ્રેરણાએ દિકરીને તેનું સ્વપ્ન પૂર્ણ કરીને એક અનોખું ઉદાહરણ પુરું પાડયું છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે હેમાબેન ગાંધીનગર મહાનગરપાલિકામાં વોર્ડ નં.૫માં કોર્પોરેટર તરીકે પણ સેવાઓ આપી રહ્યાં છે તેમનું માનવું છે કે ભારતીય સંસ્કૃતિનું જતન કરવા આપણે જ સતાનોમાં તેનું આરોપણ કરવું જોઈએ.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com